ગાંધીનગર સમાચાર

**સે-૨૯ અને ૩૦ માં ટાવર કોલોની બનાવવાનો નિર્ણય પડતો મુકાયો**

# આવતીકાલથી પાંચ દિવસ ગાંધીનગર સુમસામ બનશે

**વેપારીઓ અને સરકારી કર્મચારીઓ હરવા ફરવા ઉપડી જશે : ઘણા વતન જવાના હોવાથી શહેર ખાલી ખાલી લાગશે**

ગાંધીનગર, તા. ૯

દિવાળીનો માહોલ જામતો જાય છે. બજારોમાં ખરીદી જામી છે. હાલમાં શહેરમાં ભીડભાડનો માહોલ જોવા મળી રહ્યો છે. પરંતુ દિવાળીથી લાભ પાંચમ સુધી સળંગ પાંચ-છ દિવસ વેપારીઓ અને સરકારી કર્મચારીઓ હરવા ફરવા ઉપડી જવાના હોવાથી ગાંધીનગર સુમસામ બનશે.

દિવાળી આડે હવે માત્ર એક જ દિવસ રહ્યો છે ત્યારે બજારોમાં ખરીદી માટે ભાર ભીડ જોવા મળી રહી છે. કપડાંથી લઈને ફટાકડા સુધીની ખરીદી માટે ગાંધીનગર ઉપરાંત આસપાસના વિસ્તારોના લોકો મુખ્ય બજારોમાં ઉમટી પડ્યાં છે. જો કે આ ભીડભાડનો માહોલ હવે એકાદ-બે દિવસ જ રહેશે. દિવાળીથી લાભ પાંચમ સુધી સળંગ પાંચ-છ દિવસ શહેરના માર્ગો સુમસામ લાગશે. આ વખતે સરકારી કર્મચારીઓ-અધિકારીઓને સળંગ રજાનો લાભ મળી રહ્યો છે. જેના કારણે સરકારી કચેરીઓમાં પાંચ દિવસનું મીની વેકેશન પડશે. તા. ૧૧મીએ દિવાળી, ૧૨મીએ નૂતન વર્ષ, ૧૩મીએ ભાઈબીજ અને તે પછી શનિ-રવિની રજાઓ આવતી હોવાથી સળંગ પાંચ દિવસની રજાઓનો લાભ કર્મચારીઓને મળશે. જો કે આગામી દિવસોમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાવાની હોવાથી કેટલાક વિભાગોના અધિકારીઓ-કર્મચારીઓની રજાઓ રદ કરવામાં આવતા કેટલાક કર્મચારીઓની દિવાળીની મજા બગડી છે.

વેપારીઓ દિવાળીના તહેવારો દરમ્યાન જ રજા પાડતા હોવાથી તેઓ આ સમયે હરવા ફરવાનો સારો એવો લાભ લઈ લે છે. કેટલાક પરિવારો વતન જતા રહેતા હોવાથી દિવાળીથી લાભપાંચમ-સાતમ સુધી આખુ શહેર સુમસામ બની જશે. આ વર્ષે ઉદેપુર-જયપુર અને સૌરાષ્ટ્રમાં સાસણ-ગીર તરફ હરવા ફરવા જવાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. ગાંધીનગરથી રાજસ્થાન-સૌરાષ્ટ્ર અને કચ્છ-ભૂજ તરફ જતી મોટાભાગની લકઝરી બસો એકદમ પેક થઈ ગઈ છે. ખાનગી વાહનો ટેક્સીઓનું બુકીંગ છેક ૨૦મી સુધી થઈ ગયું છે. એસટી બસોમાં પણ ભીડ જોવા મળી રહી છે. રજાઓ દરમ્યાન ગાંધીનગરમાં જે પરિવારો રહેશે તેઓ પણ અમદાવાદ કે આસપાસ આવેલા ધાર્મિક સ્થળોએ ફરવા જતાં રહેતા હોવાથી શહેરમાં ચહલપહલ એકદમ ઓછી જોવા મળશે.



**દિવાળીની ઘરાકી** - ગાંધીનગરના હાર્દસમા સેક્ટર-૨૧ ડીસ્ટ્રીક્ટ શૉપીંગ ખાતે ધનતેરસની સાંજે દિવાળીની ખરીદીની ઘરાકી ખુલી હતી... બજારમાં ભારે ભીડ જામી હતી... ખાસ કરીને કપડા, પગરખા અને મીઠાઈ-બિસ્કીટની ખરીદી માટે નગરજનો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા... વેપારીઓના ચહેરા પર પણ દિવાળીની ઘરાકીની ખુશી વર્તાતી હતી... હજુ આવતીકાલે વધુ ઘરાકી ખુલશે એમ જણાય છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# શહેરી વિસ્તારના ગામોમાં માળખાગત સુવિધાઓના નામે મીંડુ

**પાણી, ગટર અને રસ્તાઓના કામોની દરખાસ્ત પણ અદ્ધરતાલ : ગ્રામજનો પરેશાન**

ગાંધીનગર તા ૯

શહેરી વિસ્તારના ગામોમાં પાયાની સુવિધાઓનો ભારોભાર અભાવ વર્તાઈ રહયો છે. દાયકાઓના અંતે શહેરી વિસ્તારના સાત ગામોમાં પાણી,ગટર અને રસ્તા સહીતની સુવિધાઓ ઉભી કરી શકાઈ નથી. જયારે ગટરના અધુરા કામ વચ્ચે તુટેલા રસ્તાઓનુ કામ પણ લાંબા સમયથી ન થતા ગ્રામજનોનો રોષ ચરમસીમાએ પહોંચ્યો છે. તંત્ર દ્વારા વિભાગને રજુ કરાયેલી દરખાસ્ત પણ લાંબા સમયથી ધુળ ખાય છે.

રાજયના પાટનગરથી બે ડગલા દુર જ શહેરી વિસ્તારના ગામોમાં પાયાની સુવિધાઓના નામે મીંડુ ચિતરાયેલુ છે. સ્માર્ટ સીટી બનાવવાના શમણાંઓ સાકાર કરવા પગરણ મંડાઈ રહયા છે. ત્યારે

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપ-કોંગીના મહારથીઓએ ઉમેદવારી નોંધાવી

**બસપાએ પણ જંગમાં ઝુકાવ્યુ : અપક્ષો ઓછા મેદાનમાં**

ગાંધીનગર, તા. ૯



ગાંધીનગર જિલ્લા પંચાયત માટે આજે બે પૂર્વ પ્રમુખ સહિત ભાજપના ૨૭થી વધુ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી દીધી છે. ભાજપના બાકીના ઉમેદવારો મંગળવારે તેમના ઉમેદવારી પત્રો ભરી દેશે.

આજે જિલ્લા પંચાયતની કુડાસણ બેઠક માટે શ્રીમતિ હીનાબેન પટેલ, છાલાની બેઠક માટે શ્રીમતિ મંગીબેન પટેલ, ચિલોડા(ડ) બેઠક માટે શ્રી એસ.પી. ઠાકોર, ડભોડા બેઠક માટે શ્રી લલિત યાદવ, ઝુંડાલ બેઠક માટે શ્રી નરસિંહભાઈ પારમાર, ચિલોડા(ન) બેઠક માટે મંજુલાબેન જાદવ ઉવારસદ બેઠક માટે શ્રી મહોતજી ઠાકોર અને રાંધેજા બેઠક માટે સુશીલાબેન અરવિંદસિંહ વાઘેલાએ ભાજપમાંથી ઉમેદવારી નોંધાવી છે.

આજે ભાજપ ઉપરાંત કોંગ્રેસમાંથી ઉવારસદ, રાંધેજા અને ચિલોડા(ન) બેઠક પરથી પણ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

કલોલ તાલુકામાંથી કોંગીના શ્રી અજીતસિંહ રાઠોડ, શ્રી રામાજી ઠાકોર, દહેગામમાંથી ભાજપના જ્યોત્સનાબેન ચાવડા, કોંગીના શિલ્પાબેન ચાવડા, અમરાજીના મુવાડામાં ગીતાબેન ઠાકોર, ભરતસિંહ સોલંકી સહિતના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

માણસા તાલુકામાં પણ ભાજપના પટેલ શિલ્પાબેન જયેશભાઈ, કોંગીના ગીતાબેન પટેલ, ભાજપના વિજયસિંહ ચાવડા, જાગૃતિબેન પટેલ સહિતના ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે.

ભાજપના ઉમેદવારો આજે ઉમેદવારીપત્ર ભરવા માટે તેમના સમર્થકો સાથે મોટી સંખ્યામાં કલેક્ટર કચેરી, પ્રાંત કચેરી કલોલ તેમજ માણસા અને દહેગામ મામલતદાર કચેરી ખાતે પહોંચ્યા હતા.

# કોંગ્રેસ છેલ્લી ઘડી સુધી યાદી પ્રસિદ્ધ કરવાથી અળગી રહી

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિમાં ટિકિટોને મામલે આંતરિક ખેંચતાણ ચરમસીમાએ પહોંચતા આજે સોમવાર સાંજ સુધી તેના ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર કરવામાં જિલ્લાના આગેવાનો નિષ્ફળ રહ્યા હતા.

જિલ્લા કોંગ્રેસ સમિતિના એક વરિષ્ટ અગ્રણી કલેક્ટર ઓફિસમાં એક ઉમેદવારની સાથે ઉમેદવારી પત્ર ભરવા માટે આવ્યા હતા પણ ઉમેદવાર ચૂંટણી અધિકારીની કચેરીમાં પહોંચે તે જ ક્ષણે બિલ્લી પગે કલેક્ટર કચેરી તેઓ છોડી ગયા હતા.

કોંગ્રેસ પક્ષના ત્રણ ઉમેદવારોએ આજે તેમની ઉમેદવારી ગાંધીનગર તાલુકાની ૧૦ બેઠકો પૈકી ત્રણ બેઠકો પર નોંધાવી હતી.

કલોલ, માણસા અને દહેગામમાં પણ છુટી છુટી બેઠકો પરથી ઉમેદવારી નોંધાવી છે. કલોલ-દહેગામ નગરપાલિકામાં પણ આવી જ પરિસ્થિતિ જોવા મળી હતી.

તાલુકા પંચાયતોની બેઠકમાં પણ કોંગ્રેસ પક્ષ માટે માથાનો દુ:ખાવો ઉભો થવા પામ્યો છે. કોંગીના આગેવાનો વાત કરવાનું પણ ટાળી રહ્યા છે.

પ્રદેશ કક્ષાએ પણ ઉમેદવારોની પસંદગીને લઈ ભારે ખેંચતાણ જોવા મળી રહી છે.

# સે-૨૯ અને ૩૦ માં ટાવર કોલોની બનાવવાનો નિર્ણય પડતો મુકાયો

**સરકારી વસાહતના નિર્માણ માટે જગ્યા બદલાશે સે-૭ અને ૧૩માં નવા આવાસો બાંધવા વિચારણા**

ગાંધીનગર તા ૯

શહેરમાં નિકાલ હેઠળના મકાનોની જગ્યાએ સરકારી નવી વસાહત ઉભી કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. નિકાલ હેઠળના મકાનો તાડીને ટાવર કોલોની બનાવવામાં આવનાર છે. જયારે હવે ટાવર કોલોનીનુ સ્થળ બદલવા માટે ચક્રો ગતિમાન થયા છે. સે-૨૯ અને સે-૩૦માં વૃક્ષો વધુ હોવાથી ટાવર કોલોની નવા વિસ્તારમાં બનાવવા પણ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડવાનુ મોટાભાગનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. જયારે સે-૭ ,૧૩ અને સે-૨૮ તેમજ સે-૨૯માં નિકાલ હેઠળના જુદી જુદી કેટેગરીના મકાનો તોડી પાડવામાં આવ્યા છે. નિકાલ હેઠળના જોખમી મકાનો તોડી પાડવામાં વર્ષો વિતી ગયા છે. ત્યારે બીજીબાજુ સરકારી કર્મચારીઓ માટે રહેણાંકના મકાનો પણ ઉપલબ્ધ નથી. આવા સંજોગોમાં નવા મકાનો બનાવવા પણ વિભાગ દ્વારા આયોજન કરવામાં આવ્યુ છે. સેકટરોમાં જુદી જુદી કેટેગરીના આવાસો પૈકી મોટાભાગના મકાનો કંગાળ હાલતમાં છે.

એકબાજુ આવાસોના મજબુતીકરણની નબળી કામગીરીના લીધે સરકારી મકાનોની હાલતમાં કોઈ સુધાર આવ્યો નથી. જયારે ઈન્કવાયરી કચેરી પાસે માલસામાન અને મેન પાવરનો અભાવ હોવાથી વસાહતીઓની ફરિયાદ સાંભળવા માટે સાવ નિરસતા સેવાઈ રહી છે. ત્યારે નિકાલ હેઠળના મકાનોના સ્થાને ટાવર કોલોની બનાવી સરકારી કર્મચારીઓને સુવિધાયુકત રહેણાંક મળે તેવુ આયોજન કરવામાં આવશે તેમ પણ તંત્ર દ્વારા જણાંવાયુ છે. ટાવર કોલોનીના નિર્માણ માટે તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરી દેવામાં આવી છે. અગાઉ સે-૨૯ અને સે-૩૦માં ટાવર કોલોની બાંધવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

જયારે આ મામલે જરૂરી અભ્યાસ હાથ ધરાયા બાદ આ વિસ્તારમામ વૃક્ષો વધુ કાપવા પડે તેવી સ્થિતિ હોવાનુ ધ્યાને આવ્યુ છે. આ ઉપરાંત અન્ય રીતે પણ આ સ્થળ સ્થિતિ અનુકુળ ન હોવાનો સુર ઉઠવા પામ્યો હોવાનુ પણ મનાઈ રહયુ છે. જયારે જગ્યાની રીતે પણ સાનુકુળ લોકેશન ન હોવાથી તંત્ર દ્વારા વિભાગને પણ જાણ કરવામાં આવી હતી. જેના આધારે માર્ગ મકાન મંત્રી કક્ષાએથી નવી જગ્યા અંગે નિર્ણય લેવાય ત્યારબાદ જ સરકરી વસાહત નિર્માણ કરવાનુ કામ હાથ ધરવામાં આવશે.



**શ્રી મહાલક્ષ્મી પૂજન** - ધનતેરસના પાવન પર્વે મહાલક્ષ્મીજીની પૂજાનો મહિમા ભારતીય જનજીવનમાં ખૂબ જ અગ્રસ્થાને છે... લક્ષ્મીપૂજાથી આરંભાતા દિવાળી પર્વોમાં સુખ અને સમૃદ્ધિની પ્રાર્થના કરાય છે... મંદિરોમાં મહાલક્ષ્મી માતાજીનો શણગાર અલૌકિક ભાવ સર્જે છે... ભાવિકો માતાજી સમક્ષ પ્રાર્થના કરી સૌના કલ્યાણ અને વિકાસ માટે આરાધના કરે છે...

# નરહરિ અમીન ભાજપ સાથે છેડો ફાડે તેવી અટકળો

**મહાનગરપાલિકાની ચુંટણીમાં ભાજપે નરહરી અમીનના એકપણ ટેકેદારને ટિકિટ ન આપતા હાલ નરહરી નારાજ**

અમદાવાદ, તા.૯

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે ટિકિટોની ફાળવણીમાં આગેવાનોની અવગણતા થતા પાર્ટીમાં ફરીથી ભારે ભડકો થાય તેવા સંકેતો મળી રહ્યા છે. સ્વ.ચીમનભાઈ પટેલની સરકારમાં નાયબ મુખ્યમંત્રી પદે રહેલા અને હાલમાં ભાજપના સીનીયર આગેવાન નરહરિ અમીન પક્ષના વલણથી ખુબજ નારાજ છે. નરહરિ અમીનની ગઈકાલે કોંગ્રેસના વરિષ્ઠ નેતા શંકરસિંહ વાઘેલા સાથેની મુલાકાત આ પરિપેક્ષમાં ખુબ જ સુચક અને ગંભીર માનવામાં આવી રહી છે. ભાજપના વર્તુળોમાં ચાલતી ચર્ચા મુજબ અમદાવાદ મહાનગર પાલિકાની ચૂંટણી માટે ભાજપે નરહરિ અમીનના એક પણ ટેકેદારને ટિકિટ આપી નથી. નરહરિ અમીનના નજીકના ગણાતા ડૉ.વિધુન દેસાઈ, આર.સી.પટેલ, હિતેશ પટેલ (પાંચી), જંયતિ પરમાર, ઈલેશ પટેલ વગેરે એક પણ ટેકેદારને ભાજપે ટિકિટ નહી આપી હોવાથી નરહરિ અમીન ભારે નારાજ થયા હતા. ગુજરાત વિધાનસભાની ગત ચૂંટણી દરમિયાન તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ ઉપર વિશ્વાસ વ્યક્ત કરી કોંગ્રેસના કરી નરહરિ અમીન તેમના ટેકેદારો સાથે ભાજપમાં જોડાયા હતા. મોદીનું ગુજરાતમાં શાસન હતું ત્યાં સુધી નરહરિ અમીનને ભાજપમાં ખુબ જ માન પાન મળ્યા હતા. તેમને રાજય આયોજન પંચના ઉપાધ્યક્ષ પણ બનાવવામાં આવ્યા હતા. પરંતુ તાજેતરમાં ભાજપમાં સંગઠન વચ્ચે દિન પ્રતિદિન અંતર વધતા સંગઠન હાલ નરહરિ અમીનની સરેઆમ ઉપેક્ષા કરવામાં આવતી હતી.













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com